બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com


# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

ડીસેમ્બર-૨૩ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



**મહેશભાઈ શાંતિભાઈ ધોળકિયા**
**દેહવિલય : તા. ૯/૧૨/૨૦૨૩**

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।

**મન બુદ્ધિ ચિત્ત અહંકારથી પર**
**સત ચિત્ આનંદ સ્વરૂપ**
**મહેશભાઈને શત શત નમન**

## મહેશ મહા–ઈશ શરણ થયા

રાજકોટ સ્થિત મહેશભાઈ શાંતિભાઈ ધોળકિયાએ જીવનના મંચ ઉપર અનેક કિરદાર પૂર્ણ નિષ્ઠાથી શ્રેષ્ઠ રીતે ભજવી તા.૯/૧૨/૨૩ના જીવનલીલા સંકેલી મહાપ્રયાણ કર્યું. બહુમુખી પ્રતિભાસંપન્ન છતાં મહેશભાઈ નામ, પદ–પ્રતિષ્ઠા,પ્રશંસાથી તો હંમેશા પર રહયા હતા છતાં, કારકિર્દી,લેખન,રંગમંચથી અધ્યાત્મ સુધીની સફરનો હવે પછીના અંકમાં ખ્યાલ મેળવીશું.આ અંકમાં મહેશભાઈએ કલમ કડછી બરછી માટે આપેલ યોગદાન તથા તેઓનું (તેમના જેવા ઘણાનું) જીવનદર્શન થતું હોય તેવા, અધ્યાત્મને પંથે દોરનાર મહેશભાઈના ગુરૂ ઓશો (રજનીશજી) ના ઉન્નત વિચારો દરેક પાને મૂક્યા છે તથા હંમેશા ખુશમિજાજ રહેતા અને રહેવા પ્રેરતા મહેશભાઈનો સાહિત્યમાં પણ પ્રિય વિષય હાસ્ય લેખન–પ્રદાન પણ મોટું– તેથી મહેશભાઈ દ્વારા લિખીત હાસ્ય લેખ તથા તેમના અધ્યાત્મ જીવનો પણ પરિચય થાય તેવા લેખો સાથે ભાવાંજલિ રૂપે આ અંક પ્રકાશિત કરી, તેઓને અર્પણ કરીએ છીએ.

મહેશભાઈ ૧૯૫૪થી ૫૮ કલમ કડછી બરછીના તંત્રી પદે રહયા. તે સમયે અને બાદમાં તેમની કલમે બરછીમાં અનેક સાહિત્ય રત્નોના પરિચય,જીવન ચરિત્રો,માર્મિક હાસ્ય લેખો, પુસ્તકોના પરિચય દ્વારા તેમની વિદ્વત્તાનો પરિચય કરાવ્યો.વર્ષ ઓગષ્ટ–૧૯૮૮માં શાંતિભાઈના અવસાન પછી જાણે તેમની સ્મૃતિ જાળવી, પિતૃતર્પણ કરવાનું હોય તેમ, સપ્ટેમ્બર માસમાં મહેશભાઈ દ્વારા જ બરછી ચાલુ રાખવાની ઘોષણા કરી, મારૂં નામ તંત્રી તરીકે જાહેર કર્યુ. પ્રોત્સાહકબળ આપી સતત ત્રણ વર્ષ લેખન,સંકલન સંપાદન,પ્રુફ રીડીંગમાં સાથે જ રહયા. આ સમય દરમ્યાન તેઓએ ટાઈટલ ઉપરના કલમ કડછી બરછીના લોગોમાં બરછીને બદલે પ્રેમ અને નારી શક્તિને ઉજાગર કરતો નવો લોગો બદલાવ્યો.(જેનો વિરોધ પણ થયો–સહયો!)વિવિધ વિભાગો શરૂ કર્યા,નિબંધ સ્પર્ધા યોજી, 'તીરછી બરછી' કોલમ દ્વારા સંસ્થાઓ,જૂના વિચારો રિવાજો સામે અવાજ ઉઠાવતા લેખ લખ્યા,આમ બરછીને વૈવિધ્યસભર બનાવીને વેગ આપી, એકાએક સુકાન મને સોંપી દીધું..પછી સમજાતું હોય છે તેમ મને પણ સમજાયું કે મને શીખવવા માટે હાથ છોડયો હતો. અને–જાણે પોતાને મળેલાં જીવનનો અંત સમય નજીક આવી રહયો હોવાનો સંકેત મળી ગયો હોય તેમ,પોતાની વિદાય પહેલા થોડા સમયથી ફરી સક્રિય થયા.. અધ્યાત્મ વિષયક લેખન તો પુષ્કળ કર્યું. સાથે સાથે બરછીમાં પણ ગત મે માસમાં હળવી શૈલીમાં સૌને શીખ આપતી, ધારદાર કલમ સાથેની કોલમ 'હસ,કાં હસનાર દે!' શરૂ કરાવી.જો કે લેખક તરીકે પોતાનું નામ નહી લખવાની સૂચના હતી જેનો અત્રે ભંગ કરી રહયો છું. ક્ષમા. આ લેખ મે માસથી છપાય રહયા છે અને તેમના આજીવન મરોડદાર અક્ષરમાં લખેલા આ અંક અને પછીના ત્રણ અંક માટેના લેખ મને લખીને આપી ગયા છે! અને છેલ્લે..સંકેત રૂપે જોઈએ તો,ઓગષ્ટ માસમાં કલમ કડછી બરછીનું ષષ્ટિપૂર્તિ વર્ષ શરૂ થતાં બરછીની શરૂઆત, પોતાના નામોલ્લેખ સાથે(જે કયારેય કર્યો નથી!) અભ્યાસ,પોતાના તંત્રીપદ અંગે તથા શાંતિભાઈના વ્યક્તિત્વ, કારકિર્દી તેમની જ્ઞાતિ સમાજ સેવાઓનો ઉલ્લેખ સાથેનો વિસ્તૃત તંત્રી લેખ લખી આપ્યો.


મહેશભાઈ મળેલું માનવ જીવન સાર્થક કરી ગયા પરંતુ તેમના પરિવારને સ્વજનની, મુ.વ.મગનલાલ ગુલાબરાય ધોળકિયા પરિવારને મોભીની,મને–બરછીને હૂંફાળા માર્ગદર્શક– સહાયકની તથા સમાજને વિદ્વાન સાહિત્યકારની ન પૂરી શકાય ખોટ પડી છે.. દિવ્યાત્માની ચેતના સદૈવ સાથે રહે તે જ પ્રાર્થીએ. હરિ ૐ.

– વિરેન શાંતિભાઈ ધોળકિયા

હસ, કાં હસનાર દે!

મહેશભાઈ લિખીત હળવી શૈલીમાં
મર્મ સમજવા જેવા છેલ્લા લેખોમાંનો એક–

## નીદરડી આવ નીદરડી!




અમે નાના હતા ત્યારે જ્ઞાતિ મંડળમાં ટીડા જોશી નામના નાટકમાં અમને ભાગ ભજવવા મળતો. એક સીનમાં ગામનો રાજા અમને કેદમાં પૂરે છે. સ્વાભાવિક રીતે અમારી ઊંઘ થઈ જાય છે. રાતના બારે એક થયા હશે અને અમે પોકારીએ છીએ નીંદરડી આવ! નીંદરડી આવ! અને એક ચમત્કાર થાય છે. (ચમત્કારો તો બધા નાટકમાં જ થાય ને!?)

'મને માફ કરી, દો મારી ભૂલ થઈ, ક્ષમા કરો' હારની ચોરી મેં...

આજે લગભગ પોણું યુરોપ અને અર્ધું હિન્દુસ્તાન ટીડા જોશીની મનોદશામાં છે, અને બૂમો પાડી રહ્યું છે

'નીંદરડી આવ!'

દુર્ભાગ્ય એ વાતનું છે કે એમના પડખામાં ઊંઘ ચાકરડી બનીને આવી પડતી નથી!

નાટકની ઘટના તો એવી છે કે બનાવટી ટીપણું અને અષ્ટમ પષ્ટમ મંત્રોના સહારે ભોળા ગામ લોકોની સાધારણ સમસ્યાઓની પટાવટ કરતા ટીડા ની ખ્યાતિ રાજાના કાન સુધી પહોંચી, અને વિધિનું કરવું તે કુંવરીનો નવલખો હાર ગુમ થયો. રાજાના ફરમાન છુટ્યા, ટીડા જોશીને કેદના એકાંતમાં રાખો. હાર ગોતી કાઢે પછી સરપાવ સાથે છુટકારો!



प्रेम लौटता ही है। हजार गुना होकर लौटता है। इसकी भी फिकर मत करो कि इस आदमी को दिया तो यही लौटाए। कहीं से लौट आएगा, हजार गुना होकर लौट आएगा, तुम फिकर मत करो। प्रेम लौटता ही है। अगर न लौटे, तो सिर्फ एक प्रमाण होगा कि तुमने दिया ही न होगा। अगर न लौटे, तो फिर से सोचना–तुमने दिया था? या सिर्फ धोखा किया था? देने का दिखावा किया था या दिया था? अगर दिया था तो लौटता ही है। यह इस जगत का नियम है। जो तुम देते हो, वही लौट आता है–घृणा तो घृणा, प्रेम तो प्रेम, अपमान तो अपमान, सम्मान तो सम्मान। तुम्हें वही मिल जाता है हजार गुना होकर, जो तुम देते हो।* यह जगत प्रतिध्वनि करता है, हजार–हजार रूपों में। अगर तुम गीत गुनगुनाते हो तो गीत लौट आता है। अगर तुम गाली बकते हो तो गाली लौट आती है। जो लौटे, समझ लेना कि वही तुमने दिया था। जो बोओगे, वही काटोगे भी। - OSHO 18:23

ટીડો જેલમાં મંત્ર જપે છે નીંદરડી આવ એમ નીંદરડી sleep ક્યાં રેઢી પડી છે ઊંઘની અવળ ચંડાઈ તો સર્વ વિદિત છે માગ્યા મેહ કદાચ મળી જાય; માંગો તો મહાદેવ પણ પ્રસન્ન થઈ જાય; પણ નિદ્રા!? એને તો બોલાવો તો બાડું જુએ ! જેટલી તીવ્ર ઈચ્છા, કે ઊંઘ આવી જાય એટલી ઊંઘ આઘી.

પાછું એનું એવું કે જાગવું જરૂરી હોય ત્યાં અચૂક હાજર!

પે'લો દાખલો નથી?

કંપનીના મોટા ડીરેક્ટર ના બંગલાનો રાત્રી ચોકીદાર. વહેલી સવારે શેઠ સમક્ષ હાજર.

સલામ, સા'બ. આપ આજકી ફ્લાઈટ સે દિલ્હી જા રહે હો?

હા, તે?

'આજ મત જાઓ, સા'બ. મુજે બૂરા સપના આયા. 'ફ્લાઇટ ક્રેશ હુઆ'

શેઠ રોકાઈ ગયા.

પ્લેન અસલ મે ક્રેશ હુઆ.

'નાઈટ વોચમેન'ને પાંચ હજારનું ઇનામ પણ નોકરી ગઈ વોચમેનની ઊંઘ!






ગમે તેમ પણ ઊંઘ છે અલૌકિક, તેના પર કોઈનો કાબુ નથી. વિશ્વની તમામ ભાષાઓમાં 'ઊંઘ લઉં છું' એવો પ્રયોગ નથી. 'નીંદર આવે ને જાય' એવા જ પ્રયોગ થાય છે. એમ કહેવાય છે કે, ફ્રેન્ચ સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ ઘોડા પર સવાર કરતાં ૧૫-૨૦ મિનિટ ઊંઘ લઈને પાછા જાગૃત થઈ જતા. ગાંધીજી વિશે પણ એવું કહેવાય છે કે ચાલુ મિટિંગમાં (અને બદનામ ગાંધીવાદીઓની વચ્ચે!!) તેઓ કહેતા હું ૨૦ મિનિટ સૂઈ જઉં. અને એમ બરાબર ૨૦ મિનિટ ઊંઘી, તાજા થઈ તેઓ કામે લાગી જતા.

તેમ છતાં ઊંઘની પોતાની intelligence છે.

Your human intelligence simply fails with sleep.

અમારી પડોશમાં ગિરધરપ્રસાદ દ્વિવેદીનો બંગલો છે. ઇતિહાસના પ્રકાંડ પંડિત. ચાર હજાર વર્ષ પૂર્વેની દ્રાવિડીયન સંસ્કૃતિથી લઈને આધુનિક યુરોપના નવ જાગરણના ઇતિહાસ સુધી વિહરતાં વિહરતાં તેમણે ઊંઘ ખોઈ. વાત એટલે પહોંચી કે હોસ્પિટલે એને માટે મેડિકલ આસિસ્ટન્ટની ગોઠવણ કરી. જે ગિરધર પ્રસાદની ઊંઘને નિમંત્રવા જુદી જુદી પ્રયુક્તિઓ અજમાવે. રૂમ ટેમ્પરેચર, સોફ્ટ લાઈટ, લાઈટ મ્યુઝિક, બેડ પોઝીશન- એમ કરતાં આસિસ્ટન્ટ ઊંઘી જાય, એટલું ચોક્કસ ફિફટી પરસેન્ટ સક્સેસ!




જબકીને આસિસ્ટન્ટ પોતાનો ઇન્ટેલિજન્સ પ્રવાહ ચલાવે-

Sir! sleep is not a passive process but medically highly active process.

Many changes need to take place in brain before a person goes in sleep one of them is lowering of body temperature and second is melatonin hormone release.

આ ચર્ચા ચાલતી હોય ત્યાં ગિરધર નિદ્રામાં સરવા લાગે. આસિસ્ટન્ટને યાદ આવે- સર ની દવા? સ્મૃતિને ફંફોસે- આયુર્વેદિક તો અપાઈ ગઈ- પીપળી મૂળના ગંઠોડા ટેબલ પાસે દોડીને ગયા. વિલિયમ ટિકા અલપ્રએકસ - બાકી રહી ગઈ.

સર સર ! પંડિત ઝબકીને જગ્યા! હેં!!

ન દવા ન દારૂ !....એક બૂક પર્યાપ્ત છે

થોથું હાથમાં લીધું, કે એ છાતી પર સરવાનું, અને તેનો ઉપાસક ઊંઘના બહુમાં!

## આપણા ગણિતજ્ઞ પ્રો. મહાવીરભાઇ વસાવડા, નિવૃત્ત પણ પ્રવૃત્ત શિક્ષણવિદ્



જુનાગઢના વતની અને વર્ષોથી વલ્લભ વિદ્યાનગરમાં વસતા પ્રો. મહાવીરભાઇ વસાવડાને તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલ કાર્યક્રમમાં એક વિશેષ સન્માન અર્પણ કરવામાં આવ્યું છે. ગણિત વિષયમાં સંશોધન તેમજ શિક્ષણને અનુલક્ષીને તેઓનાં સુદીર્ઘ અને વિશિષ્ટ પ્રદાન માટે તેઓને 'પ્રો. પ્ર. ચુ. વૈદ્ય આજીવન સિધ્ધિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો,

ગુજરાતમાં ગણિતશાસ્ત્રીઓ પ્રો. પી. સી. વૈદ્ય અને પ્રો. એ. આર. રાવ પછીની પેઢીમાં તેમનું સ્થાન અગ્રગણ્ય છે. વસાવડા સાહેબનાં વ્યક્તિત્વમાં ગણિતશાસ્ત્રીની વેધકતા, પ્રભાવશાળી વક્તૃત્વ તેમજ લેખનકળા અને નાગરી રમુજવૃત્તિનો અદ્ભુત ત્રિવેણીસંગમ જોવા મળે છે. નામ મહાવીરેન્દ્રપ્રસાદ પણ નાનપણથી જ મહાવીરભાઇ તરીકે ઓળખાય. તેમને ગણિતશાસ્ત્રમાં છેક વિદ્યાર્થીકાળથી ખુબ રસ હતો. આજની નવી પેઢીને નવાઇ લાગે એવી વાત એ છે કે તેમણે એસ.એસ.સી. ધો. ૧૧મામાં ત્રણ ગણિત સાથે કૂલ નવ વિષયો રાખ્યા હતા. જુનાગઢથી બી.એસસી. અને મુંબઇથી એમ. એસસી. કર્યા બાદ વધુ અભ્યાસાર્થે તેઓ અમેરિકા ગયા, પરંતુ ત્યાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરીને તેઓ ફરી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં આવીને અધ્યાપન અને સંશોધનમાં લાગી ગયા. સાથોસાથ એ વિષયમાં લોકરુચિ વ્યાખ્યાનો આપવાનું તેમજ લેખનનું કાર્ય તો ખરું જ. ૧૯૭૨માં તેઓ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ગણિત વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે જોડાયા, અને જુદી જુદી જવાબદારીઓ વચ્ચે તેમના વિષયમાં સંશોધકો તેમજ ગણિતના શિક્ષકો તૈયાર કરવાનું કામ પણ કર્યું. ત્યાંથી વયોચિત નિવૃત્તિ લીધા બાદ આજે પણ લગભગ ૮૭ વર્ષની ઉંમરે તેઓ એટલી જ ઉત્કટતાથી પ્રવૃત્ત છે.

અત્રે ખાસ ઉલ્લેખ કરીએ કે પ્રો. મહાવીરભાઇની સાથોસાથ તેમનાં પત્ની શ્રીમતિ હેમાબહેન વસાવડા પણ ગણિતશાસ્ત્રનાં જાણિતાં શિક્ષણકાર છે. હેમાબહેને વર્ષો સુધી આણંદની સાયંસ કોલેજમાં અધ્યાપનકાર્ય કર્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લીધી અને હવે તેઓ પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો માટેના રસપ્રદ કાર્યક્રમોમાં પ્રવૃત્ત છે. ગણિત તો સૈધ્ધાંતિક વિષય ગણાય, તેમાં શું પ્રયોગો હોઇ શકે ખરા?!
પૂછો હેમાબહેનને. મહાવીરભાઇ અને હેમાબહેન એટલે એક વિશિષ્ટ ગણિત યુગલ!

જુનાગઢના ભક્તકવિ નરસૈયાએ લખેલ 'અખિલ બ્રહ્માંડમાં...' પરથી પ્રેરાઇને પ્રો. મહાવીરભાઇએ લખ્યું,-
અખિલ બ્રહ્માંડમાં એક તું ગણિત છે, જુજવે રુપે અનન્ત ભાસે...!
આ કાવ્યમાં તેમણે ગણિત ક્યાં ક્યાં દીસે છે તેનું એક રોચક રસદર્શન કરાવેલ છે.

શ્રી વસાવડા સાહેબ એટલે જ્ઞાતિનું એક મોટું ગૌરવ....!

-કમલનયન જોષીપુરા (આણંદ)



## શ્રીમતી ઉન્નતી દેસાઈ 'મીસીસ વર્લ્ડ' જાહેર થયાં

**દિલ્હી ખાતે યોજાયેલ 'મીસીસ વર્લ્ડ બ્યુટી પેજન્ટ'માં વડોદરાનાં શ્રીમતી ઉન્નતી સૌમિલ દેસાઈ પ્રથમ સ્થાન સાથે 'મીસીસ વર્લ્ડ' જાહેર થયાં. આ સ્પર્ધામાં ૩૬ દેશનાં ૧૭૦૦ મહિલાઓએ રજીસ્ટ્રેશન કરાવેલ જેમાંથી પસંદ થયેલ ૩૬ મહિલાઓમાં તેઓનો સમાવેશ થતો હતો. ફોટોશૂટ,કોસ્ચ્યુમ,ઇવનીંગ ગાઉન જેવા રાઉન્ડમાંથી પસાર થઈ, દેશની સંસ્કૃતિ રાઉન્ડમાં શ્રીમતી ઉન્નતિબેને ફરતા ગરબા રજૂ કર્યા હતા જેમાં જજ તથા પ્રેક્ષકો પણ જોડાઈ ગયા હતા.તેઓ વાનગી,બ્યુટી,ફરતા ગરબા જેવી સ્પર્ધાઓમાં વિજેતા થયાં છે.જજ તરીકે પણ પોતાની સેવાઓ આપી છે.શ્રીમતી ઉન્નતિ,પેટલાદના શ્રી શિરીષચંદ્ર રતિલાલ દેસાઈનાં પુત્રવધૂ,વડોદરાનાં બેઠા ગરબાના અગ્રગણ્ય આયોજક શ્રીમતી રશ્મીબેન વોરાનાં પુત્રી, રાજકોટના માઈ ભક્ત સ્વ.શ્રી હિમાંશુ(બુલબુલ)ભાઈ વોરાનાં દોહિત્રી થાય.**

# શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ - અમદાવાદ

શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ દ્વારા નૂતન વર્ષનું સ્નેહ સંમેલન બોડકદેવ પાર્ટી પ્લોટ મધ્યે તા. ૧૮-૧૨-૨૩ ને શનિવાર ના રોજ યોજાય ગયું.

જે અંતર્ગત યોજાયેલ વિશિષ્ટ સન્માન, પારિતોષિક વિતરણના કાર્યક્રમની શરૂઆત સ્તુતિથી થઈ હતી. પ્રમુખ શ્રી અમિતભાઈ દેસાઈના પ્રારંભિક શુભેચ્છા સહ સ્વાગત સંબોધન બાદ, મંત્રી શ્રી અમિષભાઈ વસાવડાએ સંસ્થા દ્વારા થતી અનેકવિધ પ્રવૃતિનો અહેવાલ રજૂ કર્યો હતો. બાદમાં જ્ઞાતિ તેમજ સંસ્થા ના પાયાથી બે દાયકા સુધી અવિરત સેવા આપનાર એવા ડો.શ્રી જયંતભાઈ વસાવડાને "સ્વ.શ્રી. ચંદ્રકાન્ત બક્ષી નાગર રત્ન" એવોર્ડ થી સમ્માનિત કરવામાં આવેલ. ડો. શ્રી જયંતભાઈએ પ્રતિભાવ આપતાં તેમના વક્તવ્યમાં સન્માનનું શ્રેય તેમના સ્વર્ગસ્થ માતા પિતાને આપી, જ્ઞાતિની પ્રગતિમાં તેમનો ફાળો તેમજ સર્વે દ્વારા મળેલ સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ જ્ઞાતિના ગૌરવ સમાન સફળ આંત્રપ્રેન્યોર ગાંધીનગર સ્થિત શ્રી જ્યોતિન્દ્રભાઈ બૂચને તેમની વિશિષ્ટ કામગીરી બદલ નવાજવામાં આવ્યા. તેમના વક્તવ્યમાં આજની પેઢીને પ્રાઇવેટ ક્ષેત્રમાં રહેલી તક તથા બિઝનેસ માઈન્ડસેટ ડેવલપ કરવા માટેની સમજણ આપી હતી. તેઓ બન્નેનું સ્મૃતિચિહ્ન, ખેસ અને પુષ્પ ગુચ્છથી અભિવાદન કરાયેલ. તેમનો પરિચય શ્રી પદમિનભાઈ બૂચ દ્વારા આપવામાં આવેલ. ચંદ્રયાન - ૨ અને ૩ ના મિશનમાં સહભાગી થઈ જ્ઞાતિને ગૌરવ અપાવનાર, ઈસરો સાથે સંકળાયેલ શ્રીમતી જલશ્રીબેન દેસાઈ, કુ. કીરલબેન ઘોડાદ્રા, શ્રી અનુપભાઈ વોરા, શ્રી દેવલભાઈ મહેતા અને શ્રી દેવાંગભાઈ માંકડનું પુષ્પ ગુચ્છ તેમજ સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.બાદમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ ગુણાંક સાથે સિદ્ધિ મેળવેલ પ્રાઈમરીથી ડોક્ટર તેમજ ડોકટરેટ થયેલા જ્ઞાતિના સર્વે બાળકો તેમજ યુવાનોનું પારિતોષિક દ્વારા સન્માન કરવામાં આવ્યા બાદ દિવાળી પ્રસંગે યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના વિજેતાઓને પણ ઈનામ વિતરણ કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન RJ શ્રીમતી પૂજાબેન ધોળકીયાએ, તો આભારદર્શન સહમંત્રી શ્રી પરેશભાઈ વૈશ્નવએ કર્યું હતું. જ્યારે મંડળના ફેસબુક પેજ પર લાઈવ કરવા માટે શ્રી કપિલભાઈ ધોળકિયાએ જહેમત ઉઠાવી, જેને દેશ - વિદેશમાંથી સારો પ્રતિસાદ મળ્યો. આ પ્રસંગે અમેરિકા તથા કેનેડાથી જ્ઞાતિના અગ્રણી તેમજ ભૂતકાળમાં શ્રી મંડળના ટ્રસ્ટી પદ પર રહેલા શ્રી મહેશકાંતભાઈ વસાવડા તથા શ્રી જનાર્દન ભાઈ બૂચના તથા મંડળના શુભેચ્છક અને કાયમી દાતા એવા ગાંધીનગર થી શ્રી વિનાયકભાઈ બૂચ તરફથી મળેલા શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું.

કાર્યક્રમ માટે સમગ્ર કારોબારી સમિતિ, પ્રમુખ શ્રી અમિતભાઈ દેસાઈ, ઉપપ્રમુખ શ્રી વિભાકરભાઈ ઘોડા, મંત્રી શ્રી અમિષભાઈ વસાવડા, કાર્યકર્તા મિત્રો તેમજ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ કિકાણી, શ્રી નીલકંઠભાઈ ધોળકીયા, શ્રી હર્ષિદ્રભાઈ ઘોડાદ્રાના માર્ગદર્શન અને સુચારૂ વ્યવસ્થા જળવાય તેવા આયોજનને લીધે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. અંતમાં ઉપસ્થિત ૬૦૦ જ્ઞાતિબંધુઓએ ઊંધિયું, પૂરી, જલેબી, મિક્ષ ભજીયા, મંચુરિયન, કઢી, પુલાવનું ભરપેટ ભોજન માણી મંડળના આ સફળ આયોજનને નવાજી સૌ છૂટા પડયા.

(અહેવાલ : શ્રી અમીષ વસાવડા)

# મુઠ્ઠી ઊંચેરો માનવી : પરગજુ, સંસારી સાધુ સમાન ડોક્ટર ભરતભાઈ બક્ષી






જામનગરના એક પ્રતિષ્ઠિત, પરગજુ, પારકી છઠ્ઠીના જાગતલ, સંસારી સાધુ સમાન ડોક્ટર ભરતભાઈ બક્ષી. જામનગરમાં ભાગ્યે જ કોઈ એવું હશે જે ડૉ.ભરતભાઈ બક્ષીના નામથી અજાણ હોય. પિતાશ્રી ડૉ. હરિલાલભાઈ બક્ષી અને માતા ચંદ્રબાળાબેન બક્ષીના એકમાત્ર સંતાન. ડૉ. ઋષિભાઈ માંકડના દોહિત્ર. આ રીતે દાદા તથા નાના તરફથી તબીબી ક્ષેત્ર વારસામાં જ મળેલ. નાનપણમાં ભણવા કરતાં રમત-ગમતમાં વધુ રુચિ. વોલીબોલ ચેમ્પિયન. ઘણા પારિતોષિકો મેળવેલા. તેથી ધોરણ ૧૧માં પહેલીવાર નાપાસ થયા. મા ને ઘણું દુઃખ થયું. તેમણે દ્રઢ નિશ્ચય કર્યો કે હવે ખૂબ મહેનત કરીને ડોક્ટર તો બનવું જ છે. કલકત્તા ભણવા ગયા. તબીબી સ્નાતક થયા. ત્યારબાદ આઈ સર્જનની ડીગ્રી મેળવી. આજે જ્યારે યુવાન - યુવતીઓ નિષ્ફળતા મેળવે ત્યારે હતાશ થઇ ખોટું પગલું ભરવાનું વિચારે છે તેમને માટે આ પ્રેરણારૂપ છે, કે ક્યારેક કિશોરાવસ્થામાં રમતમાં અભ્યાસ પ્રત્યે બેધ્યાન રહ્યા હોય તો તેને દ્રઢ મનોબળથી સારી દિશામાં વાળી શકાય અને ફરી સફળતા મેળવી શકાય.

આઈ સર્જન થયા બાદ વિરનગરમાં આવેલ શિવાનંદ મિશનથી તેમની કારકિર્દીની શરૂઆત કરી ડૉ. ભાનુભાઈ અધ્વર્યુની સાથે. ત્યારબાદ જામનગરમાં પિતાશ્રી ડૉ.હરિલાલ ભાઈ બક્ષી સાથે પ્રેક્ટિસ શરૂ કરી.તેમની ડીગ્રી જોઈએ તો આઈ સર્જનની.પરંતુ તેમની જનરલ પ્રેક્ટિશનર તરીકેની ખ્યાતિ પણ ઘણી. ખૂબ સારી પ્રેક્ટિસ. તેમનો અનુભવ, જ્ઞાન, અને વાંચન ઘણું. એક ડોક્ટર તરીકે દર્દીને તપાસીને સારવાર અને દવા તો આપે પરંતુ એક આત્મીયજન તરીકે તેના દુઃખ સાંભળીને તેને માનસિક સધિયારો પણ આપે. એક મનોચિકિત્સકની જેમ સુશ્રુષા પણ કરે. જામનગરમાં રહેતા નાગરો, આર્થિક પણે નબળા હોય, બહારગામના મુસાફરો હોય, મિલિટરીના કર્મચારી હોય, તે દરેકની વિનામૂલ્યે સારવાર કરે. જરૂરિયાતમંદને સ્વખર્ચે મેડિકલ સ્ટોરમાંથી અથવા પોતાની પાસેથી દવા પણ આપે.આમ તો તેમની ફી તે સમયે માત્ર ૫ રૂ. ૨૦૧૬ની સાલ સુધી પણ માત્ર રૂપિયા ૫૦રૂ. તેમણે ખર્ચને પહોંચી વળવા માટે કરેલ.




જામનગરમાં અનેક સંસ્થાઓમાં તેઓ વિનામૂલ્યે સેવા આપવા જતા. કબીર આશ્રમ, આણદાબાવાનો આશ્રમ ,ગુલાબ કુવરબા હોસ્પિટલ, ભાટિયા જ્ઞાતિની ચેરીટેબલ હોસ્પિટલ વિગેરે દરેકમાં નિયમિત નિશૂલ્ક સેવા આપતા. ચક્ષુદાન અભિયાનમાં તેમનો ખૂબ મોટો ફાળો. અવારનવાર ગામડાઓમાં જઈ અને મોતિયા ના ઓપરેશનના કૅમ્પ કરતા. ઘણા નેત્રહીનોને દ્રષ્ટિ આપી આશીર્વાદ મેળવ્યા. ઘણા વર્ષોથી એક ગેરરીતિ ચાલી રહી છે કે કોઈ દર્દીને વિવિધ પ્રકારના ટેસ્ટ કરાવવા માટે મોકલાય અથવા બીજા ડોક્ટરને રીફર કરાય. તો તે તેમને કમિશન આપે. ડૉ. ભરતભાઈને તે કંઇ ન ખપે. તેઓ નિસ્પૃહી જ. તેથી





વિપરિત તેમના અનુભવે, માત્ર દર્દીની નાડ પારખી અને આંખ, જીભ અને ચહેરો જોઈને જ દર્દ પારખી લેતા. જ્યાં જરૂરી હોય ત્યાં જ ટેસ્ટ કરાવવાનું કહે. કોઈપણ દર્દી સાથે આત્મીયતા થી વાત કરે જેથી દર્દી થોડા સમય માટે તેનું દર્દ ભૂલી જાય. તેને કારણે દવા પણ ઝડપથી અસર કરે.

જામનગરમાં બ્રાસપાર્ટના કારખાના ઘણાં .તેમાં કામ કરતા કારીગરોની આંખમાં ઘણી વખત કરચ ખૂંપી જાય ત્યારે ક્યારેક આંખ ગુમાવવાની પણ શક્યતા રહે. તેવા સમયમાં તેઓ કોઈપણ પ્રકારના સમયના વિલંબ વિના સર્જરી કરી અને તે કરચ કાઢી નાખે. તેમની પાસે એવા કોઈ મોટા મશીનો કે સાધનો નહોતા પણ તેમનો આત્મવિશ્વાસ ગજબ. આ બધા કારીગરો માટે ભરતભાઈ એક મસીહા સમાન. સહુથી મહત્વની વાત એ કે કદી કર્તાપણાનો ભાવ નહીં. સામેની વ્યક્તિને કદી ઉપકાર ભાવ ન લાગે. ડાબે હાથે આપે તો જમણા હાથને ખબર ન પડે.

૧૯૬૫ની સાલમાં ભારત-પાક યુદ્ધ વખતે જામનગર કેન્દ્રમાં રહેલ. તેથી ત્યાં બોમ્બ ફેંકાતા. આ સમયે પરિવારને અમદાવાદ સ્થળાંતર કરવું તેવું વિચારી અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે જામનગરની બહારની સરહદે જામનગરમાં સહાય માટે ૮ થી ૧૦ મિલિટ્રીની ટ્રકો આવી રહી હતી. જામનગરમાં સઘન કરફ્યૂ અને અંધારપટ. તેથી તેઓ પણ સંધ્યાકાળે કારની લાઈટ બંધ રાખીને ચલાવતા હતા, ત્યાં સામેથી આવતી ટ્રકો ફ્લેશલાઇટ સાથે આવતી હતી, ત્યારે તેઓ બહાર નીકળી રસ્તા પર ઉભા રહી ગયા અને તેમના ટ્રકો રોકી તેમને સમજાવ્યું કે તમે લાઇટ બંધ રાખો અહીં ગમે ત્યારે બૉમ્બાર્ડિંગ થઈ શકે છે અને તેમના કેપ્ટને પણ એ વાત માન્ય રાખી, બધા ને લાઇટ બંધ કરાવી.થોડી જ વારમાં તેનાથી થોડે જ દૂર બાણુગાર ગામના એક ખેતરમાં બોમ્બ ફેંકાયો અને બધા બચી ગયા. આ વાતની મિલિટ્રીવાળા એ પણ ખાસ નોંધ લીધેલ. આ સમય દરમિયાન જ એક વિધર્મી તેમના દિકરાને લઇને આવેલ. સિરિયસ કેસ હતો પણ હોસ્પિટલમાં મોકલાય તેમ નહોતું, નહીં તો તેમને જીવનું જોખમ હતું, ત્યારે તેમણે પોતાની ક્લિનિકમાં તે બાળકને રાખી, સતત સારવાર કરી તેને સાજો કર્યો.આ રીતે એક ડૉક્ટર તરીકે માનવધર્મ એ દરેક ધર્મથી પર છે તે પૂરવાર કર્યું.

ડૉ. ભરતભાઈએ આયુર્વેદ યુનિવર્સિટીમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓને એલોપેથીનું જ્ઞાન, શિક્ષણ આપ્યું.તેમની પાસે જે વિદ્યાર્થીઓ તૈયાર થયા તેમણે શિક્ષણ સાથે જીવનનું જ્ઞાન પણ મેળવ્યું. કેટલાક વિદ્યાર્થીઓ જે મેડિકલ કોલેજમાં ભણતા હોય, આર્થિક રીતે નબળા હોય તેમની ફી પણ તેઓ ભરી આપતા. પુસ્તકો આપતા. જામનગરમાં જ્યારે પણ કોઈને અડધી રાત્રે પણ ડોક્ટરની જરૂર પડે તો ભરતભાઈ હાજર જ હોય.આમ ખરા અર્થમાં એક ઋષિની જેમ તેમણે શ્રમયજ્ઞ, દાનયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ કર્યા. વળી સ્વભાવે રમુજી પણ ખરા. આબાલવૃદ્ધ સૌ સાથે તાલમેલ સાધીને રહે.




તેમના વ્યવસાયની સાથે આધ્યાત્મિક વાંચન અને જ્ઞાન પણ ઘણું.

પૂ.શ્રી મોરારીબાપુ, પૂ.શ્રી. રમેશભાઈ ઓઝા, પૂ.શ્રી.પ્રમુખસ્વામીજી, પૂ.શ્રી.ચિદાનંદજી, પૂ. શ્રી. કબીરદાસજી મહારાજ, પૂ.શ્રી. આધ્યાત્મનંદજી, પૂ.ઈન્દિરાબેટીજી, પૂ.શ્રી.કૃષ્ણશંકરશાસ્ત્રીજી, જેવા અનેક સંતો તેમની સાથે મિત્રભાવે સત્સંગ કરતા. તેમનું બ્લડ ગ્રુપ A negetive, જે મળવું દુર્લભ. તેથી અવારનવાર જેને જરૂર હોય ત્યાં અચૂક રક્તદાન કરવા પહોંચી જાય. દર બુધવારે રાત્રે તેમનો સત્સંગ નો સમય. જીવનમાં કેટલાકે દગો પણ કર્યો હોય પરંતુ તેમના વિશે પણ કદી ઘસાતું બોલે નહીં. તેમના નામને યથાર્થ કરે તેવું તદ્દન સરળ અને સૌમ્ય વ્યક્તિત્વ. તુલસીદાસજીની રામાયણની ચોપાઈઓ ઘણી કંઠસ્થ. સુંદરકાંડનું નિયમિત પઠન કરે.

૨૦03ની સાલમાં તેઓ એક ગંભીર બીમારીમાં સપડાયા ત્યારે રાજકોટ અને જામનગરના તબીબો, સર્જનો, તેમની સારવાર માટે ખડે પગે હાજર . તેમનું બ્લડ ગ્રુપ દુર્લભ.તેમ છતાં જેમ જેમ દરેકને જાણ થઈ તેમ બહારગામથી પણ હિન્દુ- મુસ્લિમ બન્ને ધર્મના લોકો રક્તદાન કરવા દોડી આવ્યા. ટૂંક સમયમાં જ ૧૯ બોટલ રક્ત જમા થઈ ગયું. આ માંદગીમાંથી જ્યારે ફરી સાજા થયા ત્યારે એક વર્ષ સુધી કેટલાય લોકો તેમની માનતા પુરી કરવા તેમને લઈ જતા. મુસ્લિમ લોકો પણ તેમની દરગાહે લઈ જતા.આ રીતે દરેક ધર્મના લોકોનો તેમને પ્રેમ મળ્યો.

૨૦૦૭ની સાલમાં તેમને હાલના પ્રધાનમંત્રી અને તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શ્રેષ્ઠ સમાજ સેવક તરીકેનો એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ. ડૉ. ભરતભાઈ ને જીવનયાત્રામાં તેમના પત્ની સ્વ. કોકીલાબેન નો પણ ખૂબ સહકાર. તેમની બે પુત્રીઓ, રાધિકાબેન બક્ષી અને કાજલબેન દવે પણ તેમના પંથે જ ચાલી રહ્યા છે. રાધિકા બેન વાસ્તુશાસ્ત્ર નિષ્ણાત, રેકી માસ્ટર છે. તેમના વિવિધ પ્રકારના જ્ઞાનનો લાભ સમાજને આપે છે અને ઘણાના પ્રશ્નો દૂર કરે છે. તેમની નિઃસ્વાર્થ સેવાનો લાભ ઘણાને મળે છે. આ રીતે તેઓ પણ એક સમાજ સેવા જ કરે છે. કાજલબેન એક નામાંકિત ન્યાયાધીશ છે અને તેઓ પણ તટસ્થ રીતે ચુકાદા આપી સમાજસેવા કરે છે. स्वप्नवसवदत्तम्मा કવિ ભાસ કહે છે," सदाक्षिन्यस्य जना: अपि सदाक्षिन्या भवति ।" તે અહીં યથાર્થ લાગે. મુ. ભરતભાઈનું મારે સ્વસુરપક્ષે સગપણ. પરંતુ હમેશાં તેમના તરફથી પિતાતુલ્ય સ્નેહ અને હુંફ મળી. મારા જીવનના દરેક કપરા સમયે મુ. ભરતભાઈની હાજરી જાણે ," હું છું ને , ચિંતા શેની ?" જામનગરના જ્ઞાતિજનો, તથા અન્ય કેટલાય લોકો મુ. ભરતભાઈને સદાય ઋણી રહેશે. તેમની સદ્ભાવનાની સુવાસ હંમેશા મહેંકતી રહેશે. અત્યંત વિનમ્ર, સેવાભાવી મૂક સેવકને સાદર પ્રણામ. આજે જામનગરની નાગર જ્ઞાતિ તથા અન્ય કેટલાંયે એક ' મુઠ્ઠી ઊંચેરો માનવી ગુમાવ્યો અને અમારા પરિવારે પિતાતુલ્ય સ્વજન. ખોટ તો અમને પડી.તમારાં સ્વાગત માટે તો દેવતાઓ તત્પર હશે! મુ.વ. ભરતભાઈ માટે એટલું જ કહીશ, " हजारों साल नरगीस जब अपनी बेनूरी पे रोती है। बड़ी मुश्किल से होता है, चमन में दीदवर पैदा ।"

અંજલી : પદ્મજાબેન વસાવડા



**સમાચાર :**

**અમદાવાદ :** સમગ્ર ગુજરાતના સરકારી કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને 'લાઇફ સ્કીલ એન્ડ એમ્પ્લોયાબીલીટી'ની તાલીમ આપવા શ્રી યોગેશ પોટા ટ્રેનર-ફેકલ્ટી તરીકે પસંદગી પામ્યા.

☸ શ્રીલંકાના કોલંબો શહેરમાં યોજાયેલ ઇન્ટરનેશનલ ડાન્સ સ્પર્ધામાં હયાંન બુચનો વેસ્ટન ડાન્સમાં પ્રથમ જ્યારે સુપર મોમ સ્પર્ધામાં ભરત નાટ્યમ - કલાસિક ડાન્સ-માં શ્રીમતી મુદ્રિકા ભવ્ય બુચે ત્રીજો નંબર મેળવ્યો. સૌ. મુદ્રિકા,બેલાબેન કશ્યપ મહેતાનાં પુત્રી અને સ્વ. નયનાબેન દુષ્યંતભાઈ બુચનાં પુત્રવધૂ છે.

**રાજકોટ :** સંત શિરોમણીશ્રી નરસિંહ મહેતાની ૫૬૮મી હારમાળા જ્યંતી એ પ્રતિવર્ષની જેમ હાટકેશજન રાજકોટ દ્વારા રામકૃષ્ણ નગર સ્થિત મહેતાજીની કાંસ્ય પ્રતિમાને આ વર્ષે સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજર રહી પુષ્પવંદના કરી.

**સગપણ સગાઈ :** રાજકોટ નિવાસી રાજેશ ગાયત્રી દેસાઇના પુત્ર કરનનું સગપણ વડોદરા નિવાસી જયેશભાઇ વત્સલબહેન વસાવડાનાં પુત્રી જુહી સાથે

**શુભ લગ્ન :** રાજકોટના શ્રીમતી જવનિકા તથા શ્રી ગિરીશરામ પ્રમોદરામ ઓઝાના પુત્ર કવન,રાજકોટના શ્રીમતી આરતીબેન અને શ્રી ભાવેશભાઈ નાણાવટીનાં પુત્રી નૂપુર સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

**જોઈએ છે :** જન્મ: ૮/૧૯૮૭, બી.કોમ., ઇન્ટર સી. એ., icici હોમ ફાઇનાન્સ લિમિટેડમાં ક્રેડિટ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા. (છૂટાછેડા થયેલ છે) સંપર્ક : 9824563875

---

## બરછી કુરિઅરથી મેળવવા અંગે :

**આ માસમાં ઘણા સભ્યોનું લવાજમ પૂરું થઈ રહયું છે ત્યારે જાન્યુઆરી માસથી અમે પોસ્ટ અને કુરિઅર તેમ બંને રીતે બરછીના અંક મોકલવાનું નકકી કરેલ છે.આવતા માસથી શરૂ થતા નવાં વર્ષ માટે આપ આપને યોગ્ય લાગે તે વિકલ્પ પસંદ કરી તે મુજબ લવાજમ મોકલી શકો છે.પોસ્ટ દ્વારા મેળવનારાઓના હાલના વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/–(૧૫૦+૫૦ રૂા.પોસ્ટેજ છે)માં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો પરંતુ જેઓને અંક નથી મળતા કે અનિયમિત મળે છે તે સૌના લાભાર્થે કુરિઅરથી મોકલવાની સુવિધા કરી રહયા છીએ.જેના લવાજમના દર નીચે મુજબ રહેશે...**

**૧. રાજકોટ માટે રૂા.૧૫૦+૧૦૦ = રૂા.૨૫૦/–**
**૨. કચ્છ–સૌરાષ્ટ્ર માટે રૂા.૧૫૦ત્ર૧૧૦ રૂા.૨૬૦/–**
**૩. ગુજરાત માટે રૂા.૧૫૦+૧૪૦ = રૂા.૨૯૦/–**
**૪. મુંબઈ તથા અન્ય રાજ્યો માટે રૂા.૧૫૦ +૫૦૦ રૂા.૬૫૦/–**

**યાદ રહે : પોસ્ટ દ્વારાનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– જ રહેશે.**

**નોંધ લેશો : ૧.આપનું લવાજમ મોકલો ત્યારે આ અંકની આપની એડ્રેસ સ્લીપમાં આપના નામ ઉપર ગ્રાહક નંબર આપેલ છે તે ગ્રાહક નંબર અચૂક લખશો.અથવા નામ–સરનામુ લખશો.૨. પોસ્ટમેન/કુરિઅરની સરળતા માટે સરનામામાં સુધારા કે ઉમેરો હોય તો મને ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર મેસેજથી તુરત જાણ કરશો.૩.આ સ્લીપમાં જ ગ્રાહક નંબર સાથે જ આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે તે પણ જાણી શકો છો.સ્લીપમાં માસ ને વર્ષ બતાવ્યા છે. જેમ કે RENEWED UP TO 12/2023 હોય તો ડીસેમ્બરમાં (આ અંકથી) લવાજમ પૂરું થયેલ છે.નવા વર્ષ માટે તારીખ ૨૦ જાન્યુઆરી(આ માસની) સુધીમાં મોકલી આપશો.**



## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

**ખંભાળીયાનાં ગં.સ્વ.નૌતમબાળાબેન ચંદુલાલ માંકડનું ૧૦૧ વર્ષની વયે ગત ૨૬ ઓકટોબરના દેહાવસાન થયું.એક સદીની જીવનયાત્રા દરમ્યાન અનેક તડકી છાંયડી, તે સમયના સંયુક્ત પરિવાર વચ્ચે ત્રણ પેઢી સુધીના સંતાનોને સુસંસ્કાર ને કેળવણી આપ્યા. કર્તવ્યપારાયણ નૌતમબાળાબેન ધાર્મિક ખરાં પણ રૂઢિચુસ્ત નહી,પરંપરા પસંદ પણ દરેક પરિવર્તન પણ અપનાવી જાણ્યું હતું. તેઓ પાસે ઉખાણાનો ખજાનો હતો,બાળકોને કહી સંભળાવી ઘડતર કર્યુ, તો અથાણા બનાવવાનો કસબ પણ ધરાવતાં હતાં. ચીવટ અને ચોકસાઈ તો આજીવન વણાઈ ગયા હતા.**

**સાત્વિક આહાર,આચાર–વિચાર, નિયમિતતા તેથી નિરોગી સ્વસ્થ જીવન, જીવનમાં બાંધછોડ, શ્રમ, સંતોષ, નિર્મળ નિરપેક્ષ પ્રેમ, હકારાત્મક અભિગમ અને વિશેષમાં રચનાત્મક પ્રવૃત્તિઓને કારણે તનાવ રહિત જીવનના ફલસ્વરૂપે આવું સુદીર્ઘ આયુષ્ય ભોગવી જાણી, આજની પેઢી સુધીની સંપન્નતા, પરસ્પર સ્નેહ, સંપ અને ઐક્યની ભાવના સાથેની વિશાળ પરિવારની લીલીવાડી જોઈ ગયાં. પરિવારે છત્રછાયા ગુમાવ્યાનું દુઃખ સ્વાભાવિક થાય,પરંતુ તેઓ સૌને માટે ઉદાહરણરૂપ જિંદગી જીવીને જીતી ગયાં.ૐ શાંતિઃ**

રાજકોટ:કુલીનભાઈ વિષ્ણુપ્રસાદ વસાવડા (ઉ.વ.૭૮) ડો.પિયુષ પુંડરિકભાઈ દેસાઈ -(૬૨ વર્ષ)
ભુપેન્દ્રભાઈ દેવિપ્રસાદ માંકડ (ઉ.વ.૮૧), હિમાંશુભાઈ બચુભાઈ બક્ષી (રોયલ મોટર માર્ટ) (ઉ.વ. ૭૦)
દુષ્યંતકુમાર જયેન્દ્રપ્રસાદ છાયા (નિવૃત અધ્યાપક) (ઉ.વ.૮૧), પ્રણયભાઈ ડાકોરપ્રસાદ આચાર્ય, મચંકભાઈ ઈચ્છાશંકર માંકડ, પ્રિયવદન પ્રહલાદરાય માંકડ -નિવૃત બેન્ક ઓફ ઈન્ડિયા- (ઉ. વ.૭૭), સુજ્ઞાબેન પ્રિયકાંતભાઈ વસાવડા (ઉં. વ. ૭૫) ગં. સ્વ. પુષ્પલતાબેન શશિકાન્તભાઈ કચ્છી, કપિલભાઈ દિનકરરાય હાથી (ઉ. વ.૭૭)
કેનેડા : અખિલ બહેન સુરેન્દ્ર રાય હાથી (ઉ. વ.૮૧) પુના : નિલેશભાઈ અજીતરાય મંકોડી (ઉ. વ. ૬૫),
દિલ્હી :હરિનભાઇ હર્ષદભાઇ બૂચ (ઉ.વ. ૫૨) હૈદરાબાદ :જ્યોત્સનાબેન મહેન્દ્રકાંત અવશિયા (૯૦ વર્ષ) મુંબઈ : મુનીભાઈ હરખલાલ ઢેબર((ઉ. વ. ૯૮) (કાંદિવલી) શ્રી હર્ષવદન પદ્માકાન્ત વૈષ્ણવ (ઉ. વ.૭૯) ઊર્મિક રમેશભાઈ છાયા (ઉ. વ.૫૪), બિપીનચંદ્ર લાભશંકર વોરા, અતુલભાઈ પુષ્કરરાય વ્હોરા, મધુસૂદન એન રાણા (ઉ. વ.૮૬), સૌ.ભૈરવી વિપુલભાઈ વૈદ્ય(રંગમંચ - બોલીવુડનાં ખ્યાતનામ અભિનેત્રી)
પાલનપુર : સુધાબેન વિશ્વનાથ હાથી, વેરાવળ : દર્શિત નલિનકાંત જોષીપુરા
આદિપુર.: અ સૌ દક્ષાબેન રત્નાકરભાઈ વૈદ્ય, રાજેશભાઇ પ્રફુલચંદ્ર વૈદ્ય (ઉ. વ.૫૭)
પ્રવિણાબેન પ્રબોધભાઈ દેસાઈ//ભુજ : ગં. સ્વ. કંચનબેન બિહારીલાલ અંજારિયા (ઉ. વ.૯૫) વિપુલ મહેશભાઈ અંતાણી (ઉ. વ.૪૭) ધૈર્યાંશુભાઈ માર્કન્ડભાઈ ઓઝા (ઉ વ ૭૪) ગં.સ. દિવ્યપ્રભાબહેન સનતકુમાર પાઠક (ઉ. વ. ૯૫), જવલંત અંતાણી (મોડર્ન ક્લાસીસ) (ઉ.વ.૪૯)
વલસાડ : ગં.સ્વ. સરીતાબેન પરિમલભાઈ વૈદ્ય, વલ્લભ વિદ્યાનગર : અનસુયાબેન ભાસ્કરરાય દેસાઈ ( ઉ.વ.૯૭)
ભાવનગર: હરેશભાઈ પુંડરિકભાઈ મહેતા
જામનગર: હર્ષાંગ જીતેન્દ્રભાઈ ઢેબર, પ્રતિભાબેન જગદીશભાઈ હાથી (ઉં.વ. ૭૩) જ્યોત્સનાબેન ભુપેન્દ્રભાઈ કચ્છી (ઉ. વ.૮૬) જૂનાગઢ : કિરણભાઈ સી. વસાવડા ( રીટાયર્ડ BOI) વિપીનભાઈ દેવેનદ્રરાય ખારોડ, ઉત્સવ પ્રિયકાંત ભાઈ પાઠક (૪૨ વર્ષ)., પલ્લવીબેન હરેશભાઈ બુચ, ગિરીશચંદ્ર ઈશ્વરલાલ વસાવડા (ઉં.વ.૮૯)

## "હું કોનો છું?!"


"હું શા માટે અસ્તિત્વમાં આવ્યો છું?!"

દરેક જીવમાં આત્મારૂપે,ઈશ્વરીય શક્તિનો સૂક્ષ્મ અંશ બિરાજમાન છે.આ શક્તિને લઈને જ દરેક શરીર જીવંત અને કાર્યરત રહે છે.

બાહ્ય પર્યાવરણ એટલે આપણી આજુબાજુનું બધું જ:સજીવ અને નિર્જીવ,નજીકનું અને દૂરનું,જોયેલું અને વણજોયેલું.આ બધાથી આપણે વીંટળાયેલા છીએ એટલે એકબીજાના કાર્યની અસર એકબીજા ઉપર થાય છે.

આંતરિક પર્યાવરણ-શરીરનું પર્યાવરણ એટલે શરીરમાં રહેલું બધું જ:ચામડી,દ્રશ્યમાન અને અદૃશ્યમાન બધી જ ઇન્દ્રિયો,દરેક અંગો-ઉપાંગો,બધાજ અવયવો, હાડકાઓ, પેશીઓ,માંસ-મજ્જા,નખ-વાળ વિગેરે.

'આત્મા'એટલે શરીરમાં અમુક જગ્યાએ પલાંઠી વાળીને બેસેલો ઈશ્વરનો અંશ એવું નથી.પરંતુ જેમ મન દરેક ઇન્દ્રિયો સાથે સતત જોડાયેલ હોય છે તેમ આત્મા એટલે ઈશ્વરીય શક્તિનો સૂક્ષ્મ અંશ,શક્તિના પ્ન્હરૂપે આખા શરીરમાં સતત વહયા કરે છે જેથી શરીર મન-કર્મ-વચનથી કાર્યરત રહે છે.જેમ વીજળીનો પ્રવાહ વાયરમાં વહેતો હોય ત્યારે ઇલેક્ટ્રિક ઉપકરણો ચાલે છે તેમ! ઈશ્વરનો DC Current! આપણામાં AC Current તરીકે કામ કરે છે!જેમ બહાર અખૂટ શક્તિના (પંચમહાભૂત) સ્રોત છે તેમ આ આંતરિક પણ અખૂટ શક્તિનો સ્રોત છે.




વિજ્ઞાનમાં સાબિત થયું છે કે શક્તિ કદી નાશ પામતી નથી,પણ તેનું રૂપાંતર થાય છે તેવું જ આ શક્તિ માટે પણ સત્ય છે.

દરેક સજીવમાં જન્મની પ્રક્રિયા દરમ્યાન આ શક્તિની "પ્રાણ પ્રતિષ્ઠા" થાય છે! અને શરીર સજીવ-Active થાય છે અને જીવ જન્મે છે!

મૃત્યુ એટલે શરીરમાં વિસ્તરેલો ઈશ્વરીય શક્તિનો આ સૂક્ષ્મ અંશ,એકીકરણ થઈને શરીરમાંથી બીજે "વહી" જાય છે અને શરીર નિષ્પ્રાણ બની જાય છે.

" હું કોણ છું? " , " તત્વમસિ"(પરબ્રહ્મની સાથેની અનન્યતા, અભિન્નતા, એકાત્મકતા) જેવા પ્રશ્ન અને શબ્દ ના ઉકેલ તો તે જ પામી શકે જેઓ "આધ્યાત્મિકતાના એવરેસ્ટ" નજીક હોય! જનસામાન્ય એ તેના જવાબ-અર્થની

ગડમથલમાં પાડવા કરતાં, "હું કોનો છું?" અને "હું શા માટે અસ્તિત્વમાં આવ્યો છું?" તે અંગે ચિંતન-મનન કરવું ઘટે.


"હું કોનો છું?" નો જવાબ:"હું મારા ઈષ્ટદેવ/દેવી નો છું" હોઈ શકે.

આથી,પરમકૃપાળુ ઈશ્વર પર અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસ કેળવવા જોઈએ અને ઈશ્વરને સમર્પિત જીવવું જોઈએ.

(त्वमेव माता च पिता त्वमेव,
त्वमेव बंधुश्च सखा त्वमेव
त्वमेव विद्या द्रविड़म त्वमेव,
त्वमेव सर्वम् मम् देव देव)

"હું શા માટે અસ્તિત્વમાં આવ્યો છું?" નો જવાબ:
"હું મારા ગુણો વિકસાવી,સ્વધર્મના અને
માનવતાના પાલન માટે જન્મ્યો છું" હોઈ શકે.
આથી,સદગુણોનું આચરણ કરી;
માનવતાવાદી જીવન જીવવું જોઈએ.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखभाग् भवेत्।।




## દશ સુખ!


પહેલું સુખ તે,માનવદેહે જન્મ્યા,
બીજું સુખ તે,પ્રભુ વિશ્વાસે ધર્યા,
ત્રીજું સુખ તે,મન શાંતે સર્યા,
ચોથું સુખ તે,આત્મશક્તિને વર્યા,
પાંચમું સુખ તે,વહેવારે ઠર્યા,
છઠ્ઠું સુખ તે,આસક્તિથી નિવાર્યા,
સાતમું સુખ તે,મોહ પરવાર્યા,
આઠમું સુખ તે,અન્યની મદદે ધાયા,
નવમું સુખ તે,સંસાર-સાગર તર્યા,
દશમું સુખ તે પ્રાર્થના,ફરી માનવદેહે અવતરીયે!

**દિપક બુચ-" નૈનં ",અમદાવાદ.**

**અનંતના યાત્રીઓ :**

વડોદરા : યોગેશભાઈ રસિકલાલ મહેતા, કેદારભાઈ ગીરીશચંદ્ર મહેતા ઉંમર: (ઉ. વ.૬૮), ગં. સ્વ. મીનાક્ષીબહેન મધુસુદન પોટા, ઉષાકાન્તભાઈ કનૈયાલાલ નાણાવટી-અમદાવાદ : સરલાબહેન મહાવીરભાઈ મજમુદાર (ઉં. વ.૯૬) ઉષાબેન નવીનચંદ્ર ઓઝા, શ્રીમતિ રશ્મિબેન જતિનભાઈ મહેતા, પિનાકીન નર્મદરાય છાયા, કુણાલ જથ્થલ, આશાબેન કંદર્પભાઈ વૈદ્ય, અનિલભાઈ વેણીભાઈ માંકડ, ભારતીબેન લલિતભાઈ વછરાજાની, મહર્ષિભાઈ ઊમંગરાય મજમુંદાર, પ્રસન્નકુમાર કંચનરાય સ્વાદિયા (ઉ. વ.૮૦),મધુભાઈ કાંતિલાલ વસાવડા (ઉ. વ.૯૩),પરાગ નરેન્દ્રભાઈ વસાવડા (ઉ. વ. ૬૪)

# માયાનો પડદો




શ્રી બ્રહ્માજીએ એમની ઉત્કંટ ઈચ્છાથી સૃષ્ટિની રચના, પ્રાદુર્ભાવ કે પ્રાગટ્યનું કાર્ય હાથમાં લીધું, શ્રી વિષ્ણુજીએ સૃષ્ટિના પાલનની જવાબદારી હાથ લીધી અને ભોળાનાથ મહાદેવ શ્રી શિવજીએ સૃષ્ટિના સંહારનું ભગીરથ કાર્ય સ્વીકાર્યું.

અહીં વચ્ચેનું શ્રી વિષ્ણુજીના સૃષ્ટિના પાલનની વાત કરીએ ત્યારે મનુષ્યોએ ખાસ એક મુખ્ય વાત સમજવાની છે.જો ૮૪ લાખ યોનીમાં ભ્રમણ કરી આ જીવાત્મા ભટક્યા કરે છે કે કેમ ? આ જ અગ્નિ પરીક્ષા છે. જો બધા જ જીવાત્મા આ ચાવી સમજી જાય તો બધા જ ત્વરિત મોક્ષ પામે. આ રમત તો શરીર વિષ્ણુજીએ એટલે જ રાખી છે અને એની જ મજા છે .

મનુષ્ય જીવ ૮૪ લાખ યોનિઓમાં ભટક્યા પછી પણ આ ભૌતિક દુનિયાને જ સાચી માની લે છે અને એની પાછળ જ દોડ્યા કરે છે માત્ર જન્મ પહેલા ગર્ભમાં અને પાર્થિવ શરીર ત્યજ્યાં પછી ક્ષણિક એ પોતાની ભૂલ સમજે છે અને જાણે છે પરંતુ ફરી ત્યાં નો ત્યાં જ.

આ જગતમાં જે બહાર ભૌતિક સુંદરતા, મોહ માયા દેખાય છે આ બધું જ ખોટું છે. સૂર્ય મંડળમાં આપણી આ પૃથ્વી ઉપર કે સ્થૂળ શરીર છે અર્થાત રાહુ એટલે પૃથ્વીનો દક્ષિણ ધ્રુવ અને કેતુ અર્થાત મોક્ષ ઉત્તર ધ્રુવ. રાહુનું કામ જ એ છે કે એ સાચાથી દૂર ભટકાવે .શ્રી વિષ્ણુ જીએ જગત માયાને આ સૃષ્ટિમાં આ મહત્વ નું કાર્ય સોંપ્યું છે કે મનુષ્ય આ માયાનો મલમલનો મુલાયમ પડદો ભીતરથી ધ્યાનમાં ઊંચકીને પેલી પાર જુએ તો ખબર પડે કે જે બહાર આ જગતમાં દેખાતું નથી એ સૂક્ષ્મ જ સાચું છે અને જે ભૌતિક દેખાય છે એ બધું જ ખોટું છે. જે વિરલ જીવાત્માઓ આ પડદો ઊંચકી ને જુએ છે ત્યારે શ્રી વિષ્ણુજી એને પ્રમાણ પત્ર આપે છે કે તું આ સંસારની અગ્નિ પરીક્ષામાં ઉત્તીર્ણ થયો છે ને હવે તું મારા શરણે આવી જા.




આપણે જાણીએ છીએ કે શ્રી કૃષ્ણએ એમના જન્મ સમયે જગત માયાને જશોદા મૈયાની કોખમાં જગતમાયાને અવતરિત કરી અને કંસને આકાશવાણી દ્વારા ચેતવણી આપી હતી કે તારો કાળ તો જન્મ લઇ ચુક્યો છે. આમ જ આપણે મનુષ્યોએ આ જગતમાયાને એક નર્તકી તરીકે જાણવી જોઈએ અને એનો ઘૂંઘટ ઉંચકતા ખબર પડશે કે આ નર્તકી તો સ્વયં જ શ્રી વિષ્ણુજીનું એક સ્વરૂપ છે .

મુદ્દો એ છે કે દુર્લભ મનુષ્ય જન્મ મળ્યા પછી આ ભૌતિક જગતને સાચું ન માનતા એક સ્વપ્ન તરીકે જ સમજવું અને બહારથી નહિ ભીતર જોઈશું તો ખબર પડશે કે અંદરનો અવાજ અને સંકેત એ નર્તકીનો ઘૂંઘટ ઊંચો કરી શ્રી વિષ્ણુ જેના અંદર દર્શન કરીએ એટલે વારંવાર આ ફેરામાંથી મુક્તિ મળે .




સંત મહંતો સંસાર છોડી હઠયોગ કે જ્ઞાનયોગ દ્વારા આ ચાવી ખોલે છે જયારે આપણે મનુષ્યોએ સંસારમાં રહી અને આ ચાવી મેળવી બેડો પાર પાડવાનો છે કારણ આપણે બધા એક જ મુશ્કેલ રસ્તે કદાચ ન જઈ શકીએ, વળી આપણે કામ, ક્રોધ, મોહ,માયા,લોભ, રાગ દ્વેષમાંથી તરત પર નહિ થઇ શકીએ પરંતુ ભોગવતા ભોગવતા છતાં સુષુપ્ત મનના સંકેત સાંભળતા ધીરે ધીરે વધતી ઉમરને વટાવતા જીવનને સાક્ષી ભાવે જોતા એમાં રચ્યા પચ્યા ન રહેતા આ માયાનો પડદો ઊંચકવાનો છે એજ મનુષ્ય જીવનનો પરમ ધ્યેય છે .

ચિરંતન પટ્ટણી "પ્રાર્થક" વડોદરા મો. ૯૧૦૬૯૫૫૭૧૮

---

## શ્રી વડનગરા નાગર નિરાશ્રિત ફંડ

**રાયજી સ્મારક,હેઠાણ ફળિયા, જૂનાગઢ**

**સ્વ.દિવાનશ્રી શ્રીમાન અનંતજી અમરચંદ વસાવડા અને સ્વ. નાયબ દિવાનશ્રી શ્રીમાન પુરૂષોત્તમરાય સુંદરજી ઝાલા દ્વારા રચાયેલ આ શ્રી જૂનાગઢ વડનગરા નાગર નિરાશ્રિત ફંડ જૂનાગઢ ખાતે છેલ્લા ૧૧૧ વર્ષથી કાર્યરત છે.આ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના સ્થાનિક તથા બહારગામના જરૂરિયાતમંદ પરિવારોને માસિક રૂા.૨૦૦૦/– ની આર્થિક સહાય આપવામાં આવે છે.આ ઉપરાંત અન્ન,વસ્ત્ર તેમજ વૈદ્યકીય સહાય તેમજ વડનગરા નાગર જ્ઞાતિના વિદ્યાર્થી બાળકોને શૈક્ષણિક ફી તથા શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.જે માટે તથા હાલમાં રાયજી સ્મારક અતિ જર્જરિત હાલતમાં છે જે પાડીને તેના પુનઃનિર્માણ માટે છ થી આઠ લાખનો ખર્ચ આવે તેમ છે તે માટે જ્ઞાતિજનોના આર્થિક સહયોગની જરૂર છે તો આ ખર્ચને પહોંચી વળવા દેશ વિદેશમાં વસતા જૂનાગઢ સાથે નાતો ધરાવતા તથા અન્ય સૌ કોઈને ઉદાર હાથે યથાશકિત અનુદાન આપવા નમ્ર અપીલ છે. આ ઉપરાંત આપ અને આપના કુટુંબીજનો ટ્રસ્ટના સામાન્ય સભ્યથી પેટ્રન બનીને પણ આપનો સહયોગ આપી શકો છો.**

**જ્ઞાતિના લાભાર્થે એક સદીથી થતી વિવિધ સેવા પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ રાખવામાં આપનું અનુદાનનો સહકાર મળશે તેનો અમને વિશ્વાસ છે. સહુ સાથે મળીને ટ્રસ્ટને પ્રાણવાન બનાવવા સંકલ્પ કરીએ. આપના અનુદાનની રકમ આપ નીચે મુજબની વીગતે મોકલી શકો છો...**

**૧. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકાઉન્ટ નં. 56046007429 IFSC-SBIN0060046**

**૨. બેંક ઓફ ઈન્ડીયા એકાઉન્ટ નં. 3300101000114900 IFSC-BKID0003300**

**ડો. મુકેશભાઈ ડી. વૈષ્ણવ (પ્રમુખશ્રી) મો. 9427733021**

**અમદાવાદમાં ફ્લેટ ભાડે આપવાનો છે...**
**૨ રૂમ,રસોડું,બંધ ગેલેરી (૧બીએચકે)–**
**સુકૃતિ ફ્લેટસ**
**માણેકબાગ સોસાયટી,**
**નહેરૂનગર પાસે,અમદાવાદ–૧૫**
**સંપર્ક કરો : દીપક બુચ–૯૪૨૭૬૧૬૫૧૧**

**રાજકોટમાં મકાન ભાડે આપવાનું છે..**

માત્ર બદલી પાત્ર Insurance Co./બેંક મેનેજર-ઓફીસરને યાજ્ઞીક રોડથી નજીક જાગનાથ પ્લોટમાં સ્વતંત્ર બંગલાનો ગ્રાઉંડ ફ્લોર 2બેડ, હોલ, ડાઇનીંગ, કીચન, સ્ટોર, ગેસલાઈન, એક એસી, પાર્કીગ જેવી સુવિધાઓ સાથે માર્ચ-૨૪ પછી, એગ્રીમેન્ટ, ભાડુ+ડીપોઝીટથી આપવાનુ છે.
સંપર્ક:9898243824-(વોટસએપ)
**Email:** c.mukesh356@gmail.com

**યોગ પ્રાણ વિદ્યા**
હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- ખભા અને કમરના દુઃખાવા
- મેદસ્વિતા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- સાંધાના દુઃખાવા
- વેરિકોઝ વેઇન
- દમ અથવા અસ્થમા
- ડર અને ફોબિયા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- ઊંઘ ના આવવી
- કિડનીની તકલીફો
- આધાશીશી / માઇગ્રેન
- પેટની તકલીફો
- એલર્જી અને ઈન્ફેક્શન
- હ્રદયની તકલીફો
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
૨૦+ વર્ષના અનુભવી
મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬
www.ypvmeraki.com
ypvmeraki@gmail.com
+91-9484668989
ypvmeraki
YPV Meraki

**ABM TRAVELS**

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.
*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.
**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

નોંધ : નીચે એડ્રેસ સ્લીપમાં આપેલો કાયમી ગ્રાહક નંબર નોંધી લેશો ને લવાજમ ભરો ત્યારે આ નં.લખશો તો અમને સરળતા રહેશે. /સ્લીપમાં સાથે જ આપનું લવાજમ પૂરૂં થવાના માસ/વર્ષ બતાવે છે.જની નોંધ પણ રાખશો.

**જો નીચેની સ્લીપમાં RENEWED UP TO 12/2023 હોય તો આપનું લવાજમ આ માસથી પૂરૂં થાય છે. તુરત મોકલી સહકાર ચાલુ રાખશો**

**BOOK POST**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.